# 6

## સ્થાનિક સરકાર (શહેર)

આપણે ગ્રામીણ વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિશે જાણ્યું. ગામની સરખામણીએ શહેર વધુ મોટું અને ફેલાયેલું હોય છે. અહીં શેરીઓ, પોળો, સોસાયટીઓ, બજારો વગેરેમાં વધુ ભીડ અને વાહનોની સંખ્યા વધુ હોય છે. ટ્રાફિકને નિયંત્રિત કરવો પડે છે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે આ બધું આટલું વ્યવસ્થિત રીતે કેમ ચાલે છે ? આ અંગેના નિર્ણયો કેવી રીતે લેવાય છે ? આવો જવાબ શોધવા પ્રયત્ન કરીએ.

**વિચારો**

જો તમારે તમારાં દરેક કામ માટે દિલ્હી કે ગાંધીનગર જવું પડે, તો શું થાય ?

સામાન્ય રીતે 15 હજારથી ઓછી વસ્તીવાળો વિસ્તાર એટલે ગામ. 15 હજારથી 5 લાખની વસ્તીવાળો વિસ્તાર એટલે શહેર કે નગર. પાંચ લાખથી વધુ વસ્તીવાળો વિસ્તાર એટલે મહાનગર. નગરના વહીવટ માટે 'નગરપાલિકા' અને મહાનગરના વહીવટ માટે 'મહાનગરપાલિકા' રચાય છે. કોઈ પણ વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની કઈ સંસ્થા કામ કરશે, તેનો મોટો આધાર વસ્તીની સંખ્યા પર છે.

આ સંસ્થાઓની રચના ગુપ્ત મતદાન અને સીધી ચૂંટણી વડે થાય છે. શહેરના મતાધિકાર ધરાવતા તમામ મતદાતાઓ ચૂંટણીમાં ભાગ લઈ શકે છે. એકવીસ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવનાર કોઈ પણ નાગરિક સામાન્ય રીતે ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે. ચૂંટણીની સરળતા માટે નગર કે મહાનગરનું જુદા-જુદા વિભાગો (વૉર્ડ)માં વિભાજન કરવામાં આવે છે. સામાન્ય રીતે **આ ચૂંટણીઓ દર પાંચ વર્ષે નિયમિત ધોરણે થાય,** એવી જોગવાઈ કરવામાં આવી છે. કુલ બેઠકો પૈકી કેટલીક બેઠકો નિયમ મુજબ અનામત રાખવામાં આવે છે.

## આટલું જાણો.

### નગરપંચાયત

સામાન્ય રીતે પંદર હજારથી પચ્ચીસ હજારની વસ્તીવાળા શહેરોમાં 'નગરપંચાયત' હોય છે. તેના સભ્યોની સંખ્યા નવથી પંદર જેટલી હોય છે. જે-તે શહેરની વસ્તી તેની મર્યાદાથી વધતાં રાજ્ય સરકાર તેને નગરપાલિકામાં ફેરવી શકે છે. પાસપાસેની બે નગરપંચાયતને એક ગણી તેને નગરપાલિકા જાહેર કરી શકે છે. નગરપંચાયતના વિસર્જન બાદ છ માસમાં ચૂંટણી કરવી પડે, તેવી બંધારણીય જોગવાઈ છે. ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય છે. ગુજરાતમાં નગરપંચાયતો જિલ્લા પંચાયતને સીધી રીતે જવાબદાર છે.

### નગરપાલિકા :

સામાન્ય રીતે પંદર હજારથી પાંચ લાખ સુધીની વસ્તીવાળાં શહેરોમાં 'નગરપાલિકા' હોય છે. ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. નગરપાલિકામાં ચૂંટાયેલા સભ્યો જિલ્લાધીશ (કલેક્ટર) અથવા સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા પ્રતિનિધિ સમક્ષ સોગંદ લે છે. 'પ્રમુખ' એ ચૂંટાયેલા વડા છે. તેઓ નગરપાલિકાની સભાનું અધ્યક્ષપદ સંભાળે છે. બધો વહીવટ પણ તેમના નામે ચાલે છે. કામગીરીની સરળતા માટે ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે, જેમાં કારોબારી સમિતિ (સ્ટૅન્ડિંગ કમિટી), નાણાંસમિતિ, આરોગ્ય અને સફાઈસમિતિ, શિક્ષણસમિતિ, બાંધકામ-સમિતિ, સાર્વજનિક વાહન-સમિતિ ઉપરાંત જરૂર મુજબની અન્ય સમિતિઓ રચાય છે.

નગરપાલિકાનો વહીવટ કરનાર મુખ્ય વહીવટી અધિકારી એટલે 'ચીફ ઑફિસર'. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. ચૂંટાયેલા સભ્યોએ કે સમિતિઓએ બહુમતીથી કરેલા નિર્ણયોનો અમલ કરાવવાનું કામ ચીફ ઑફિસર કરે છે. એ ઉપરાંત આરોગ્ય અધિકારી, દુકાનોના ઇન્સ્પેક્ટર, ઇજનેર વગેરે અધિકારીઓ નગરપાલિકાના વહીવટનું કામ કરે છે.

**વિચારો**

- નગરપાલિકાના સારા વહીવટ માટે તમે શું કરી શકો ?
- ચીફ ઑફિસર તરીકે જાહેર સંપત્તિના મહત્તમ ઉપયોગ, સંવર્ધન અને જાળવણી માટે તમે શું કરશો ?
- જો તમે નગરપાલિકાના પ્રમુખ હોય તો ?

### મહાનગરપાલિકા :

પાંચ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં મોટાં નગરોમાંની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા એટલે 'મહાનગરપાલિકા'. તેમાં સભ્યસંખ્યા સામાન્ય રીતે વસ્તીના ધોરણે નક્કી કરવામાં આવે છે. મહાનગરપાલિકાના વડાને 'મેયર' (નગરપતિ) કહેવામાં આવે છે. ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી મેયર ચૂંટી કાઢે છે. મેયરની ચૂંટણી દર અઢી વર્ષે કરવાની હોય છે.

મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારીની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. એ અધિકારી 'મ્યુનિસિપલ કમિશનર' કહેવાય છે. મહાનગરપાલિકાના ચૂંટાયેલા બહુમતી સભ્યોએ અને વિવિધ સમિતિઓએ લીધેલા નિર્ણયોનો અમલ કરાવવાની કામગીરી તેઓ કરે છે. મહાનગરપાલિકાના બીજા અધિકારીઓ જેવા કે મુખ્ય ઈજનેર, આરોગ્ય અધિકારી, કરવેરા અધિકારી તેમજ અન્ય અધિકારીઓ એમનાં માર્ગદર્શન અને સલાહ સૂચનોઅનુસાર પોતપોતાની ફરજો બજાવે છે.

ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે, જેમાં કારોબારી સમિતિ (સ્ટૅન્ડિંગ સમિતિ) સૌથી વધારે મહત્ત્વની છે.

**આટલું જાણો.**

- **આઠ મહાનગર પાલિકાઓ :** અમદાવાદ, ભાવનગર, સુરત, જૂનાગઢ, જામનગર, વડોદરા, રાજકોટ, ગાંધીનગર

**વિચારો**

- તમારી મહાનગરપાલિકાના વિકાસ માટે મેયર પાસે તમારી શું અપેક્ષાઓ છે ?
- મહાનગરપાલિકાના કૉર્પોરેટર તરીકે તમારા વિસ્તારની પીવાના પાણીની સમસ્યા કેવી રીતે ઉકેલશો ?

### સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનાં કાર્યો :

ઉપર્યુક્ત સંસ્થાઓનાં કાર્યોને બે વિભાગમાં વહેંચી શકાય : (1) ફરજિયાત કાર્યો અને (2) મરજિયાત કાર્યો.

**(1) ફરજિયાત કાર્યો :** જાહેર સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી, પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા, ગટર-વ્યવસ્થા, રસ્તાઓ બાંધવા અને નિભાવવા, રસ્તા પર દીવાબત્તીની વ્યવસ્થા, પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા, નાગરિક સલામતી અને સંરક્ષણનાં કાર્યો, ખાદ્યસામગ્રીમાં થતી ભેળસેળ અટકાવવી, દવાખાનાં અને આરોગ્યકેન્દ્રો ચલાવવાં, જન્મ-મરણની, લગ્નની નોંધણી રાખવી વગેરે ફરજિયાત કાર્યો છે.

**(2) મરજિયાત કાર્યો :** રમતગમતનાં મેદાનો, બાગ-બગીચા, જાહેર સ્નાનાગાર, સાર્વજનિક મુતરડીઓ, જાજરૂ, સ્મશાનગૃહની વ્યવસ્થા ઊભી કરવી અને નિભાવવી, પુસ્તકાલયો, વાંચનાલયો, માધ્યમિક શાળાઓ વગેરેની સ્થાપના અને નિભાવ, વૃક્ષારોપણ, ટાઉનહૉલ બનાવવા, વરસાદી પાણીના ઝડપી નિકાલની વ્યવસ્થા, જાહેર વાહન-વ્યવહારની સગવડ કરવી, શાકમાર્કેટો કે બજારોની વ્યવસ્થા ઊભી કરવી, પ્રસૂતિગૃહો, અતિથિગૃહો, મનોરંજનની વ્યવસ્થા કરવી. ઉપરાંત નાગરિકોનાં કલ્યાણ અને સગવડ માટે જરૂરી લાગે તેવાં કામો હાથ ધરવાં.

**વિચારો**

- મ્યુનિસિપલ કમિશનર તરીકે તમારા શહેરમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા તમે કેવી રીતે કરશો ?
- તમારા વિસ્તારની કોઈ સમસ્યાનો ઉકેલ નથી આવતો, તો તે માટે કયાં-કયાં સંભવિત કારણો જવાબદાર હોઈ શકે ?

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વિવિધ કાર્યો કરવા માટે નાણાંની જરૂર પડે છે. આ માટે નાણાં તે ક્યાંથી મેળવે છે ? આવો જાણીએ.



6.1 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (શહેર) રચના અને કાર્યો

**આવકનાં સાધનો**

- પાણી વેરો, શિક્ષણવેરો, વાહનવેરો જેવા વેરાઓમાંથી.
- મકાનો અને જમીન પરના વેરાઓ, મનોરંજન કર, દુકાનવેરો, હોટલવેરો, સફાઈવેરો વગેરે.
- ધંધાવ્યવસાય માટે અપાતા પરવાનાની ફી.
- સંસ્થાની મિલકતો જેવી કે દુકાનો, શાકમાર્કેટ, મકાનો વગેરેના ભાડામાંથી થતી આવક.
- સરકારશ્રી તરફથી મળતું અનુદાન (ગ્રાન્ટ).
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પોતાની થાપણોમાંથી થતી વ્યાજની આવક.
- વિશ્વબૅંક (વર્લ્ડ બૅંક) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ મોટાં કાર્યો માટે મહાનગરપાલિકાને સહાય કરતી હોય છે.

નગરવિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વચ્ચે સાચો તફાવત તેમનાં કાર્યક્ષેત્ર, સત્તા અને નાણાકીય સાધનોમાં રહેલો છે. નગરપાલિકા જ્યારે મહાનગરપાલિકા બને ત્યારે તેનું કાર્યક્ષેત્ર અને કાર્યભાર વિસ્તૃત બને છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :**

1. નગરપાલિકા એ ............. સ્વરાજ્યની સંસ્થા છે.
2. નગરપાલિકાના વડાને ........... કહે છે.
3. નગરપાલિકાના વહીવટી વડાને ............ કહે છે.
4. મહાનગરપાલિકાના વડાને ............... કહે છે.
5. મહાનગરપાલિકાના વહીવટી વડાને ................ કહે છે.

**2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

1. ચીફ ઑફિસર એ ચૂંટાયેલા પ્રતિનિધિ છે.
2. મેયર એ ચૂંટાયેલા પ્રતિનિધિ છે.
3. મહાનગરપાલિકામાં સ્ટૅન્ડિંગ કમિટી સૌથી વધારે મહત્ત્વની છે.
4. પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા કરવી, એ નગરપાલિકાનું ફરજિયાત કાર્ય છે.
5. નગરપાલિકા પાણીવેરો ઉઘરાવી શકતી નથી.

**3. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. તમે કેવા-કેવા પ્રકારના વેરા ભરો છો ?
2. નગરપાલિકાની આવકનાં પાંચ સાધનોનાં નામો લખો.
3. મહાનગરપાલિકાનાં પાંચ ફરજિયાત કાર્યો જણાવો.
4. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનાં પાંચ મરજિયાત કાર્યો જણાવો.
5. નગરપાલિકાની પાંચ સમિતિઓનાં નામ જણાવો.

**4. નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો ?**

(1) તમારા વિસ્તારમાં વરસાદી પાણી ભરાય છે. ..........

(2) તમારા વિસ્તારમાં પીવાનું શુદ્ધ પાણી મળતું નથી. ..........

(3) તમે મ્યુનિસિપલ કમિશનર છો અને લોકો વેરા ન ભરે, તો ..........

**5.** તમે શહેરી કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હો, તો તમારા વિસ્તારની કોઈ પણ એક સમસ્યાની યોગ્ય જગ્યાએ રજૂઆત કરતી અરજી લખો.

**6.** નગરપાલિકા અને મહાનગરપાલિકાની વસ્તી અને વિસ્તારોમાં થઈ રહેલા ઝડપી વધારાનાં કારણો અને તેની અસરો જણાવો.

# 7

## શાંતિ અને અહિંસાનો સંગમ

નિયતિ ટી.વી. જોઈ રહી હતી. એક પછી એક ચેનલો બદલી રહી હતી. તેમાં કોઈ જુદી જ ભાષાની ચેનલમાં તેણે  જોયું કે કેટલાકે લાલ રંગના કપડાં પહેર્યાં છે. સાધુ જેવા લાગતા આ લોકોને જોઈને તેણે તેના પિતાજીને પ્રશ્ન કર્યો : ‘‘આ સાધુઓ કોણ છે ?’’ તેના પિતાજીએ જવાબ આપ્યો : ‘‘આ સાધુઓ ‘લામા’ તરીકે ઓળખાય છે. તેઓ બૌદ્ધધર્મના અનુયાયી છે.’’ નિયતિને આ વિશે વધુ જાણવાની ઇચ્છા થઈ.

ગણરાજ્યો વિશે તમે શીખ્યા. લગભગ 2500 વર્ષ પહેલાં બૌદ્ધધર્મની સ્થાપના થઈ. ગૌતમ બુદ્ધે જે ઉપદેશ આપ્યો, તેના આધારે જે ધર્મ સ્થપાયો, તે બૌદ્ધધર્મ કહેવાયો. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું. તેમનો જન્મ હિમાલયની તળેટીમાં કપિલવસ્તુ નગરી પાસે લુમ્બિની વનમાં થયો હતો. તેમના પિતા શુદ્ધોધન અને માતા માયાવતી હતાં. સિદ્ધાર્થનાં લગ્ન યશોધરા નામની સુંદર કન્યા સાથે કરવામાં આવ્યા હતા. તેમને રાહુલ નામનો પુત્ર હતો.

સિદ્ધાર્થ ક્ષત્રિય હતા તથા શાક્ય નામના એક નાના ગણરાજ્યથી જોડાયેલા હતા. યુવાવસ્થામાં જ તેમણે ઘરનાં સુખો છોડી દીધાં. પત્ની યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કરી ઘર બહાર નીકળી ગયા. સિદ્ધાર્થના આ ગૃહત્યાગને ‘મહાભિનિષ્ક્રમણ’ તરીકે ઓળખાવાય છે. તેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે વનમાં જઈ તપ કરવા ઇચ્છતા હતા. તેમને સમજાયું કે આ સંસાર દુઃખનો દરિયો છે. આ દુઃખમાંથી સમગ્ર માનવજાતને તેઓ ઉગારવા માગતા હતા.



**7.1 ગૌતમ બુદ્ધ**

આ સમય એવો હતો કે જ્યારે એ સમયના લોકોના જીવનમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું હતું.